# હાશ : જિલ્લાની એસ.ટી. બસો સાફસૂથરી થશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

એસ.ટી. નિગમ દ્વારા બસોની સાફસફાઈ માટે ગ્રાન્ટ આપવા છતાં સફાઈ થતી ન હોવાની ફરિયાદો ઉઠતાં હવેથી સફાઈના મામલે દંડની કાર્યવાહી જે તે ડેપો મેનેજરો સામે કરવા આદેશ અપાયા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નિયમિત રૂટ ઉપર દોડતી એસ.ટી. બસોની કાયમી સફાઈ થતી ન હોવાની ફરિયાદો ઉઠેલી છે જેથી આ આદેશ પછી એસ.ટી. બસો સાફ સૂથરી થશે કે કેમ..?? તેના ઉપર રોજીંદા મુસાફરોની નજર ટેકવાઈ છે. એસ.ટી. બસોની નિયમિત સફાઈ ઉપરાંત તેનું યોગ્ય મેનિટરીંગ કરવા માટે પણ ડેપો મેનેજરોને સૂચનાઓ અપાયાનું જાણવા મળ્યું છે.



સલામત સવારી એસ.ટી. અમારીનું રૂપાળુ સૂત્ર આપવામાં આવ્યું છે પરંતુ વધતા જતા અકસ્માતોથી એસ.ટી.ની સવારી જોખમી બનવાની સાથે સ્વચ્છતા મુદ્દે પણ લાપરવાહી જગજાહેર છે. એસ.ટી. નિગમ દ્વારા બસોની સાફસફાઈ માટે ગ્રાન્ટ આપવા છતાં નિયમિત સફાઈ થતી ન હોવાની ફરિયાદો ઉઠી છે તેથી નિગમ આકરા પાણીએ થયું છે. બસોની અનિયમિત સફાઈ થતી ન હોય તો ડેપો મેનેજરોને જવાબદાર ગણવાનો આદેશ આપ્યા બાદ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નિયમિત એસ.ટી.ની સફાઈના સૂચનોનું સંપૂર્ણપણે પાલન થશે કે કેમ..?? તે કહેવું હાલ તો મુશ્કેલ છે. પરંતુ જરૂરી ગ્રાન્ટ ફળવાઈ હોવા છતાં જો એસ.ટી. બસોમાં સફાઈ થતી ન હોય તો આકસ્મિક તપાસ સમયે જિલ્લાના જે તે ડેપો મેનેજરો સામે દંડની કાર્યવાહી કરવા માટે રાજ્યનું એસ.ટી. નિગમ મક્કમ બન્યું છે. એસ.ટી. નિગમના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સફાઈ માટે બજેટ ફળવાયા પછી ઓચિંતિ તપાસ કરવામાં આવી હતી જેમાં કેટલાક બસ મથકોની એસ.ટી. બસોમાં પારાવાર ગંદકી જોવા મળી હતી જેથી નિગમ દ્વારા તમામ ડેપો મેનેજરોને એસ.ટી. બસોની સફાઈ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

# રાજ્યભરમાં નવા ૨૬૭ કેસ નોંધાયા : ૨૬ વેન્ટિલેટર પર

## ગુજરાતભરમાંથી માત્ર એક દર્દીનું મોત : ગુજરાતભરમાંથી અત્યાર સુધી ૨૫૫૯૧૪ દર્દી સ્વસ્થ્ય થયા : રાજ્યમાં હજુ સુધી ૪૯૦૧૯૨ લોકોને રસી અપાઈ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૬૭ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૪૨૫ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૫,૯૧૪ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે એક દિવસમાં ૧૫૪૯ કેન્દ્રો પર ૩૭,૦૩૧ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૪,૯૦,૧૯૨ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૩૨ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો કે બીજી તરફ રાજ્યમાં આજે બનાસકાંઠા, બોટાદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, તાપી અને વલસાડ એમ કુલ ૭ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૨,૬૪૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૨૬ છે. જ્યારે ૨,૬૧૫ લોકો સ્ટેબલ છે. ૨,૫૫,૯૧૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૯૩ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ૧ દર્દીનું મોત નિપજ્યું છે.

## કર્મચારીઓને કોરોનાના ભય સાથે કામગીરી

# સાબરકાંઠા, અરવલ્લીમાં ચૂંટણીમાં કામગીરી સંભાળનારા સ્ટાફને પી.પી.ઈ. કીટ પહેરવાની તાલીમ અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પંચાયત, પાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાવવાની છે. ૨૧૬૯ મતદાન મથક ઉપર ૧૦ હજારથી વધુ કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં જોડાવવાના છે ત્યારે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ચૂંટણી સ્ટાફને પી.પી.ઈ. કીટ પહેરવા અને કાઢવાની તાલીમ આપવાનું આયોજન કરાયું છે. જિલ્લામાંથી કોરોનાએ ઉચાળા ભર્યા છે તેવો આરોગ્ય વિભાગે આંકડાઓથી દાવો કર્યો છે તેમ છતાં ચૂંટણીપંચના નિર્ણયથી કર્મચારીઓને કોરોના ભય સાથે કામગીરી કરવી પડશે.



ફેબ્રુઆરી મહિનો શરૂ થયો, કોરોનાએ જિલ્લામાંથી વિદાય લીધી છે કે કેમ..?? તે માટે અનેક મતમતાંતર પ્રવર્તિ રહ્યા છે પરંતુ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થતાં પ્રજા અને કર્મચારીઓમાંથી કોરોના અદ્રશ્ય થયો હોય તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળે છે. બંન્ને જિલ્લાના તંત્ર દ્વારા સંવેદનશીલ-અતિસંવેદનશીલ મતદાન મથકો અલગ તારવવામાં આવ્યા છે. ચૂંટણીની કામગીરીમાં પ્રિસાઈડીંગ ઓફીસર, આસીસ્ટન્ટ પ્રિસાઈડીંગ ઓફીસર, પોલીંગ ઓફીસર, મહિલા પોલીંગ ઓફીસરોને નિયુક્ત કરવાના છે અને તેમના માટે દરેક તાલુકાઓમાં પ્રથમ, બીજી અને ત્રીજી તાલીમના કાર્યક્રમો જાહેર કરી તાલીમ આપવાની શરૂઆત થઈ છે. ત્યારે રાજ્ય ચૂંટણીપંચે પણ જિલ્લા ચૂંટણી અધિકારીને આપેલી માર્ગદર્શિકામાં જણાવ્યું છે કે દરેક કર્મચારીનું થર્મલગનથી તાપમાન માપવામાં આવશે. ચૂંટણીની કામગીરીમાં સામેલ તમામ કર્મચારીઓને માસ્કનો ફરજીયાત ઉપયોગ કરવો પડશે. ચૂંટણીમાં રોકાયેલા સ્ટાફને પી.પી.ઈ. કીટ પહેરવા અને કાઢવાની વિશેષ તાલીમ આપવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે. મતદાનના દિવસે ચૂંટણીના સાહિત્યની સાથે હેલ્થની કીટ આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## પ્રતાપપુરા દૂધ મંડળીના સેક્રેટરીની નાણાકીય ગેરરીતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઈડર તાલુકાની પ્રતાપપુરા ગામ દૂધ મંડળીના સેક્રેટરીએ નાણાકીય ઉચાપત કર્યાનું જગજાહેર છે તેમજ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા નાણાકીય ગેરરીતી આચરનાર કર્મચારી અજીતકુમાર કાન્તિલાલ સામે ફોજદારી કાર્યવાહી કરવાની સૂચના આપી હોવા છતાં કસ્ટોડીયન પાણીમાં બેઠા હોય તે રીતે વિગતો આપવાનો ઈન્કાર કર્યો છે. તપાસ બાદ અનેકના પગ નીચે રેલો આવી શકે છે.

જિલ્લાની સાબરડેરી સંલગ્ન દૂધ મંડળીઓ પૈકી અનેક દૂધ મંડળીઓમાં નાણાંકીય ઉચાપત સહિત ગેરરીતીઓ આચરાતી હોવા છતાં સાબરડેરી સંચાલક મંડળમાં જ અનેક વગોવાયેલા ડિરેક્ટરો ચૂંટાતા હોવાથી મંડળીઓના ઉચાપતકારોને છાવરતા હોય તેવી વિગતો લાંબા સમયથી જોવા મળી છે. ઈડર તાલુકાની પ્રતાપપુરા ગામની દુધ મંડળીના સેક્રેટરી દ્વારા સભાસદોએ દૂધ મંડળીમાંથી લીધેલ લોનની સબસીડીમાં ભ્રષ્ટાચાર કર્યો હતો અને સેક્રેટરીએ લેખિત નિવેદન આપી નિકળતી રકમની ચૂકવણી કરવાની બાંહેધરી આપી હતી.

# બદલીમાં અન્યાયની રાય : અરવલ્લી જિલ્લાના કોર્ટમાં ગયેલા ૪૭ પ્રાથમિક શિક્ષકોના પગાર અટકાવતાં રોષ

## ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ, બેન્ક લોનના હપ્તાના ચેક બાઉન્સ થતાં ડીફોલ્ટરનો ભય : પગાર નહીં ચૂકવાય તો મુખ્ય મંત્રી કાર્યાલયમાં રજુઆત કરવાની ચીમકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લાની સરકારી પ્રા.શાળાના ૪૭ પ્રા.શિક્ષકોએ તાલુકાફેર બદલી થતાં સીનીયોરીટી તેમજ અપર પ્રા.શિક્ષણ વિભાગમાં ખોટી રીતે નિયુક્તિના ઓર્ડર કર્યાના આક્ષેપ સાથે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવતાં છેલ્લા પાટલે બેઠેલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા બદલી થયેલા સ્થળે હાજર ન થયેલા પ્રા.શિક્ષકોના પગાર અટકાવતાં રોષ વ્યાપ્યો છે. બેન્ક લોનના હપ્તાના ચેક બાઉન્સ થઈ રહ્યા છે. ૩ થી વધુ ચેક બાઉન્સ થશે તો અનેક પ્રા.શિક્ષકો બેન્કના ડીફોલ્ટર જાહેર થવાનો ભય ઉભો થયો છે. કેટલાક શિક્ષકોને તો ઘરનું ગુજરાન ચલાવવું પણ પગારના અભાવે મુશ્કેલ થયું છે ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રા.શિક્ષકો માટે કેમ અલગ માપદંડ અમલી બનાવ્યા છે તેવા ગંભીર આરોપ સાથે પગાર નહીં ચૂકવાય તો અન્યાયની લાગણી અનુભવતા પ્રા.શિક્ષકો મુખ્ય મંત્રી કાર્યાલયમાં રજૂઆત કરી પગાર ચૂકવવાની માંગ કરી શકે છે.

સરકાર અને વિવિધ વિભાગોને ત્વરીત કોઈ કામ પુરૂ કરવું હોય તો શિક્ષક સિવાય કોઈ તેમની મદદે આવતું નથી પરંતુ જે ખરા સમયે કામ લાગે તેને જ અન્યાય કરવાની વર્ષોથી ચાલી આવતી પ્રણાલી પ્રા.શિક્ષકોમાં પણ ચાલી રહી છે. ગત ડિસેમ્બરમાં શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાના કારણે વધ-ઘટ બદલીના કેમ્પ યોજવામાં આવ્યા હતા જેમાં સીનીયોરીટીની ગણતરીથી માંડી ગણિત-વિજ્ઞાન વિષયની જગાઓ બતાવવાની ન હોવા છતાં બતાવીને ૮૮ જેટલા પ્રા.શિક્ષકોને વધમાં બતાવી અન્ય તાલુકામાં બદલી કરી દેવામાં આવી હતી તે પૈકી અનુકુળ સ્થળ હોય તેવા કેટલાક પ્રા.શિક્ષકો બદલીના સ્થળે હાજર થયા પરંતુ ૪૭ જેટલા પ્રા.શિક્ષકોએ બદલી કેમ્પમાં અન્યાય થયો છે તેવી લાગણી સાથે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા તે અગાઉ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તમામ મુખ્ય શિક્ષકોને તાલુકા ફેર બદલી થયેલા પ્રા.શિક્ષકોને એક તરફી છૂટા કરવાના આદેશ કરવાની સાથે તેમના પગાર અટકાવવા સૂચના આપી હતી. જે અન્વયે મુખ્ય શિક્ષકોએ પગારની આકારણી કરી ન હતી જેથી ૪૭ પ્રા.શિક્ષકો ડિસેમ્બર મહિનાના પગારથી વંચિત રહ્યા છે અને હવે જાન્યુઆરીના પગારથી પણ વંચિત રહેશે જેથી ૨ મહિનાથી પગાર વગર પ્રા.શિક્ષકોના ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે. કોઈપણ અરજદાર વિભાગ દ્વારા ન્યાય મળતો ન હોય એટલે છેવટે કોર્ટના દ્વાર ખટખટાવે છે તે સિદ્ધાંત અનુસાર બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર સહિતના શિક્ષકોએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે આ સંજોગોમાં જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ અરવલ્લીએ માનવીય અભિગમ દાખવી પ્રા.શિક્ષકોના પગાર ચૂકવવા જોઈએ અન્યથા પગાર નહીં ચૂકવાય તો પ્રા.શિક્ષકો આવનારા દિવસો પોતાના હક્કના પગાર માટે આરપારનો જંગ લડી શકે છે.

### કોર્ટ મેટર હોવાથી પગાર ચૂકવાયો નથી : ડી.પી.ઓ.

જે શિક્ષકોની તાલુકાફેર બદલી થઈ હતી અને બદલી સ્થળે હાજર થયા નથી તેવા પ્રા.શિક્ષકોના પગાર અટકાવવાની સૂચના તમામ ટી.પી.ઓ.ને આપવામાં આવી હતી. કોર્ટમાં ગયેલા પર પ્રા.શિક્ષકો પૈકી ૫ શિક્ષકો બદલીના સ્થળે હાજર થયા છે. પરંતુ કોર્ટ મેટર થઈ છે તેવા એકપણ પ્રા.શિક્ષકનો પગાર ચૂકવાયો નથી.

## ભાજપમાં જોડાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કે કલોલ તાલુકામાં વિકાસને નવો વેગ મળશે તેમણે કહ્યુ કે ખેડૂતો માટે સાત પગલાં, કિસાન સન્માન નિધિ યોજના, સૂર્યોદય યોજના જેવા પગલાંઓથી આકર્ષિત થયા હતા અને સરકારની આ કલ્યાણકારી યોજનાઓ સમાજના છેવાડા સુધી પહોંચાડવા હું આજે કટિબદ્ધ થયો છુ.

આ પ્રસંગે ભાજપના અગ્રણીઓએ રામાજી અને તેમની ટીમને આવકારતાં જણાવ્યુ હતુ કે અમે સર્વ સમાવેશક વિકાસને મહત્વ આપીએ છીએ અને આપતા રહીશુ. ગુજરાતે વિકાસમાં તેની આગવી ઓળખ બનાવી છે. રામાજીના સક્રિય પ્રદાનથી આ વિસ્તારમાં પણ વિકાસ વેગીલો બનશે.

## ખર્ચ કરી શકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારે તેના ઉમેદવારી પત્રને માન્યતા મળ્યા બાદ દર ચાર દિવસે તેના હિસાબો ચૂંટણી અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે. ચૂંટણી ખર્ચની મર્યાદા અંગેની વિગતવાર માર્ગદર્શિકા અગાઉ જાહેર થયેલી છે જે ઉલ્લેખનીય છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે પંચે આજે આ મહત્વનો નિર્ણય લીધો છે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યુ છે કે ખર્ચની મર્યાદામાં છેલ્લો સુધારો ૨૦૧૧માં કરવામાં આવ્યો હતો આ પછી લોકસભા અને વિધાનસભામાં પણ ખર્ચની મર્યાદા વધારવાના લેવાયેલા નિર્ણય બાદની પરિસ્થિતિના અવલોકનોને ધ્યાને લઈ પંચે આ નિર્ણય કર્યો છે.

## ૬ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૪૦૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે પણ બે કેસ નોંધાયા છે. સે. ૨૯ માંથી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જ્યારે સે. ૭ માંથી ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં કેસો ઘટવાનો જે ટ્રેન્ડ હાલ ચાલી રહ્યો છે તે જોતાં આ માસના અંત સુધીમાં કોરોનામુક્ત જિલ્લો થઈ શકે છે.

## ચક્કાજામનું એલાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાયના જણાવ્યા પ્રમાણે આ ચક્કાજામ દ્વારા ખેડૂતો દેખાડવા ઈચ્છે છે કે તેઓ એકજૂટ થઈ ગયા છે. રાયે જણાવ્યું હતું કે, સમગ્ર દેશ ખેડૂતોની સાથે છે. અમારે સરકારને અમારી તાકાત દેખાડવાની છે. સિંઘુ અને ટીકરી બોર્ડર પર બેઠેલા સંયુક્ત કિસાન મોર્ચાના નેતા સમગ્ર ચક્કાજામનું કોઓર્ડિનેટ કરશે.

ખેડૂત નેતાઓના જણાવ્યા પ્રમાણે બપોરે ૩ વાગ્યા સુધી ચક્કાજામ સમાપ્ત થઈ જશે ત્યારે તેઓ એક સાથે એક મિનિટ માટે પોતાની ગાડીઓનું હોર્ન વગાડશે. દિલ્હીમાં ચક્કાજામ નથી પરંતુ તેમ છતાં પોલીસ સંપૂર્ણ રીતે સજ્જ છે. ચક્કાજામની સૌથી વધારે અસર પંજાબ અને હરિયાણા તથા પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં જોવા મળે તેવી સંભાવના છે. તેવામાં ત્યાંની પોલીસ પણ સજ્જ છે.

કિસાન નેતા દર્શનપાલ સિંહે કહ્યું કે, અમે કાલે દિલ્હીમાં ચક્કાજામ નહીં કરીએ. અમે બોર્ડર્સ પર શાંતિપૂર્વક બેસીશું. અમે દિલ્હી ઉપરાંત સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અને રાજ્ય હાઈવે બંધ કરીશું. બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધી ચક્કાજામ રહેશે.

કિસાન નેતાએ કહ્યું કે, અમે સિંઘુ અને ટિકરી બોર્ડર પર શાંતિપૂર્વક બેસી રહીશું.

અલ્પેશ એમ. સુથાર મો.૯૪૨૭૩૬૭૦૪૮
જગદંબા મોડલીંગ સ્ટુડીયો
ડીઝીટલ કલર ફોટોગ્રાફી, ડીઝીટલ વિડીયો શુટીંગ, વિડીયો કેસેટ ઉપરથી સી.ડી., ડી.વી.ડી. બનાવી આપનાર.
ડ્રોન વિડીયો-ફોટોગ્રાફીના સ્પેશ્યાલીસ્ટ
સિનેસ્કાય સિનેમાની બાજુમાં, ગાબટ રોડ, બાયડ, જિ. અરવલ્લી

દાબેલી અને પીઝા તો કર્ણાવતીના
પ્રો. ઈલેશ પી. પટેલ
કર્ણાવતી ફાસ્ટફૂડ સેન્ટર
દાબેલી, વડાપાઉં, સેન્ડવીચ, પીઝા, પફ મળશે
આશીર્વાદ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ સામે
કર્ણાવતી પીઝા હબ
સી.એ.પટેલ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, બાયડ, જિ. અરવલ્લી ● મો. : ૯૪૨૭૯૦૦૮૮૪
પાર્ટી ઓર્ડર લેવામાં આવશે.

સહયોગ ફર્ટિલાઈઝર્સ
જંતુનાશક દવાઓ, હા.બિયારણ રાસા. તેમજ વોટર સોલ્યુબલ ખાતરો.
ધીરજ પટેલ ૯૪૨૬૦૪૦૭૯૮
ભરત પટેલ ૯૪૨૬૩૬૫૭૩૨
૧૦, માર્કેટયાર્ડ, બેંક ઓફ બરોડાની સામે, કપડવંજ રોડ, બાયડ, જિ.અરવલ્લી.
E-mail : sahayogfertilisers@gmail.com

ભાજીપાઉં તો માત્ર આર. કે. ની..
પ્રો. રાયસીંગ(રાજુભાઈ)ચૌહાણ
આર. કે. ભાજીપાઉં કોર્નર
શુભ તેમજ લગ્ન પ્રસંગોએ પંજાબી, ચાઈનીઝ, ભાજીપાવનો ઓર્ડર લેવામાં આવશે.
રાણા કોમ્પલેક્ષ, શિવમ્ પાર્ક સોસાયટી પાસે, મોડાસા રોડ, બાયડ, જિ. અરવલ્લી ● મો.૭૮૦૨૯૩૯૭૧૨

ડૉ. મિતેષ એમ. સોની
ડેન્ટલ સર્જન
બંસરી ડેન્ટલ ક્લીનીક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર
વાંકાચૂકા તથા આગળ પડતા દાંતની અદ્યતન સારવાર
એફ-૧૧, શ્રીજી કોમ્પલેક્ષ, બાયડ, જિ. અરવલ્લી
મો. ૯૯૭૯૬૦૯૨૪૪

કોરોના સામે ગુજરાતે ભીડી બાથ, લીધા સુરક્ષાના એક્શન પ્લાન.
શ્રીમતી લત્તાબેન ડી. પરમાર
માસ્ટર અભય ડી. પરમાર
બાયડ, જિ. અરવલ્લી
● સોશ્યલ ડિસ્ટન્સ જાળવીએ, માસ્ક પહેરીએ, કોરોનાને દૂર રાખીએ.
● ગુજરાત સરકાર સંવેદનશીલ સરકાર, સૌના આરોગ્યની લે સંભાળ.
● ધનવંતરી રથ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યરત કરી કોરોનાના દર્દીમાં ઘટાડો કર્યો.
● કોરોના વોરિયર્સની સુરક્ષાને આપી પ્રાથમિકતા.
● કોરોનાની મહામારી દરમ્યાન ભારતમાં સૌ પ્રથમ કોરોના હોસ્પિટલ શરૂ કરનારૂ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.

જગવીર ચૌધરી
બાયડ, જિ. અરવલ્લી
ॐ राम रामाया नमः

ANY TIME
Mr. PRAKASH GOHIL
TAILORS & SUITING SHIRTING DULHA COLLECTION
પ્રથમ માળ, માર્કેટયાર્ડ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ સામે,બાયડ, જિ. અરવલ્લી
મો. ૯૪૨૬૩૪૨૫૧૯

શ્રી સતિષ એમ. પટેલ (પુંસરીવાળા)
રહેગા ફ્રેશ, મિલેગા ફ્રેશ
કાવ્યા કોલ્ડ સ્ટોરેજ
હનુમાન મંદિર પાસે, મુ.ભીમપુરા, તા.તલોદ, જિ.સાબરકાંઠા
આદર્શ કોલ્ડ સ્ટોરેજ
છાપરીયા, તા.બાયડ, જિ.અરવલ્લી
અસીમ ઈરીગેશન
: ઓથો. ડિસ્ટ્રીબ્યુટર :
નાગાર્જુના ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લી.
નાગાર્જુના ટપક / ફૂંવારા સિંચાઈ પદ્ધતિના સાધનોના વિક્રેતા.
સંપૂર્ણ વનસ્પતિ પોષણમાં એક નવી દીશા...
: હેડ ઓફીસ :
બંસીધર કોમ્પલેક્ષ, ધનસુરા, જિ. અરવલ્લી, મો. ૯૮૨૫૬૧૧૯૪૨
E-mail : asimirrigation1942@yahoo.com • asimirrigation@gmail.com
બ્રાન્ચ ઓફીસ :
એ-૩, રાજમાનસી પ્લાઝા, ચાર રસ્તા, રણાસણ, તા.તલોદ, જિ. સાબરકાંઠા
સબંધિત ફર્મ : અસીમ ફાર્મ-પુંસરી
ડ્રીપ ઈરીગેશન અપનાવો, ભૂગર્ભ જળસ્ત્રોત સમૃદ્ધ કરો.